## નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગરનો સ્નેહમિલન સમારંભ ૨૩મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા સંસ્થાને સ્નેહમિલન કાર્યક્રમ સંસ્થા આજીવન સભ્યશ્રી કે.બી. વ્યાસના અધ્યક્ષસ્થાને તા. ૨૩મી ડિસેમ્બરે સવારે શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આવેલ છે, તો સર્વ સભાસદોએ હાજર રહેવા સંસ્થાના મહામંત્રી શ્રી રણછોડભાઈ રાણાએ જણાવેલ છે.

## ભટ્ટ મેવાડા સમાજનો ૨૩મીએ સ્નેહ સંમેલન

ગાંધીનગર, તા. ૨૧

ભટ્ટ મેવાડા સમાજ દ્વારા આગામી તા. ૨૩મી ડિસેમ્બરે સેકટર-૨૩, લગ્નવાડીમાં સાંજે ૪ વાગે સ્નેહ સંમેલન રાખેલ છે. તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન કરાશે. મંડળના પ્રમુખ શ્રી રમેશભાઈ જોષી તથા મહામંત્રી શ્રી પ્રકાશભાઈ ભટ્ટ દ્વારા જણાવવામાં આવે છે.

## સરઢવ ગ્રામ વિકાસ મંડળની છઠ્ઠીએ સુવર્ણ જયંતિ મહોત્સવની બેઠક

સરઢવ, તા. ૨૧

સરઢવ ગ્રામ વિકાસ મંડળના સુવર્ણ જયંતિ મહોત્સવ વર્ષ ૨૦૧૪માં જેની આયોજન બેઠક તા. ૬ઠ્ઠી જાન્યુારીએ સવારે ચંચળબા મેરેજ હૉલ, શ્રી રણછોડરાયજી મંદિર ખાતે મળનાર છે. તો ગાંધીનગર તથા બહાર વસતાં સરઢવ વાસીઓએ હાજર રહેવા જણાવેલ છે. કાન્તિભાઈ એસ. પટેલ કન્વીનર સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણી સમિતિ સરઢવે જણાવેલ છે.

## ભટ્ટ મેવાડા સમાજનો સમુહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ભટ્ટ મેવાડા સમાજ દ્વારા ૨૭મી જાન્યુઆરીએ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ રાખેલ છે. તા. ૫મી જાન્યુઆરી સુધી ગાંધીનગર ભટ્ટ-મેવાડા સમાજના પ્રમુખ/મંત્રીને બટુકોને નામ નોંધાવવા જણાવેલ છે. વધુ વિગત માટે ફોન નં. ૨૩૨૩૦૬૩૨ પર સંપર્ક કરવો.

## આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર પ્રવીણાબેન કનુભાઈ દરજીના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૧૮, હરિસિદ્ધનગર, સેક્ટર-૨૪, કોલવડા રોડ, ગાંધીનગર ખાતે આજે તા. ૨૨મી ડિસેમ્બર-૨૦૧૨ને શનિવારે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો યોજવામાં આવ્યો છે. ભાવિકભક્તોને આનંદના ગરબામાં જોડાવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ભરતભાઈ બારોટના માતુશ્રી સ્વ. સુભદ્રાબેન બારોટના સ્મરણાર્થે આજે તા. ૨૨મી ડિસેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે ૭.૩૦ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠ કનૈયાલાલ મહારાજની વ્યાસપીઠે બ્લોક નં. ૬૯૯, આદર્શનગર, પીળોપટ્ટો, સેકટર-૨૪, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યા છે. જેમાં ભાવિક ભક્તજનોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગરના દત્ત મંદિરે દત્ત ભગવાનનો જન્મોત્સવ ઉજવાશે

શ્રીરંગ અવધૂત પરિવાર ગાંધીનગરના પ્રમુખ નવનીતભાઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર સેક્ટર-૨૮માં આવેલા દત્ત મંદિર ખાતે તા. ૨૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ ગુરુવારે દત્ત જયંતિ મહોત્સવ પ્રસંગે સવારના ૮ થી ૪.૩૦ કલાકે દત્તયાગ, સાંજના ૬ કલાકે દત્ત ભગવાનનો જન્મોત્સવ યોજાશે. ભગવાનના જન્મોત્સવ બાદ દત્ત ભગવાનની પાલખી સ્વરૂપે શોભાયાત્રા નિકળશે.

# એસ.ટી. ડેપોને ટૂંકમાં નવી ૬૮ ડીઝલ બસો મળશે

## પ્રદૂષણ અટકાવતી યુરો-શ્રી ડીઝલ બસો દોડતી કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આગામી મહિનામાં ૬૮ નવી બસો આવશે. કિલોમીટર પુરા થઈ ગયા હોય તેવી સી.એન.જી. બસો પણ બદલાશે. અમદાવાદ ગાંધીનગરના અપડાઉનકર્તાઓને ટૂંકમાં જ ડીઝલ યુરો-શ્રી બસની સેવા ઉપલબ્ધ થશે.

ગ્રીનસીટીની ઓળખને ધ્યાને લઈ અગાઉ ગાંધીનગરમાં પ્રદૂષણની સમસ્યાને ડામવા એસ.ડી. ડેપોની મોટાભાગની બસો સી.એન.જી. કરી દેવાઈ હતી. પોલ્યુશનના પોઈન્ટ ઓફ વ્યુને મુખ્યત્વે ધ્યાને લઈ રૂટ પર સી.એન.જી. બસો દોડતી કરવામાં આવી હતી. જયારે વર્ષોના અંતે ઘણી ખરી સી.એન.જી. બસોના કીલોમીટર પૂરા થઈ જતા આ બસો બદલી નવી યુરો-શ્રી ડીઝલ બસ દોડતી કરવામાં આવી છે. સચિવાલય પોઈન્ટ બસ સેવામાં પણ તબક્કાવાર ડીઝલ બસો શરુ કરવામાં આવી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગાંધીનગર ડેપોમાં બાકી રહેતી સી.એન.જી. બસો પણ બદલીને નવી ડીઝલ બસ રૂટ પર દોડાવાશે. ગાંધીનગર-અમદાવાદ રૂટ પર દોડતી ૬૮ જેટલી સી.એન.જી. બસોના સ્થાને ટૂંકમાં જ યુરો-શ્રી ડીઝલ બસો નવી આવવાની સંભાવના છે જયારે હાલની સી.એન.જી. બસો અન્ય ડેપોને ટ્રાન્સફર કરી દેવાશે. હાલની સ્થિતિએ અંદાજિત ૧૦૯ જેટલી બસોનું ડેપોમાંથી સંચાલન કરવામાં આવે છે. જયારે ગ્રીન ગુજરાતના કન્સેપ્ટને ધ્યાને લઈ નવી ૬૮ ડીઝલ બસો ડેપોને મળશે તેમ પણ જણાવાયું છે. એસ.ટી. ડેપોના તંત્રને અપગ્રેડ કરવા ટૂંકમાં બેઠક પણ યોજાશે.





(તસવીર : દિપક જાની)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ સ્કૂલ ખાતે શુક્રવારે ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. પરી, મહારાજા, ડૉક્ટર અને વૃક્ષો જેવી વિવિધ વેશભૂષામાં સજીને આવેલાં બાળકોથી શાળાનું પરિસર રંગીન અને નિહાળવા લાયક બની ગયું હતું.

# કલરવ સંસ્થાના બાળકોએ દરિયાઈ જીવસૃષ્ટિનો નઝારો માણ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની 'કલરવ' સંસ્થા દ્વારા તાજેતરમાં જામનગર જિલ્લાના સલાયા વિસ્તારમાં આવેલા નરારા બીચ અને ખીજડીયા પક્ષી અભ્યારણનો બે દિવસનો યાદગાર પ્રવાસ યોજાઈ ગયો. બીચ અને અભ્યારણ્યના આ પ્રવાસમાં કલરવ સંસ્થાના ૯૦ જેટલા બાળકો જોડાયા હતા અને કુદરતી જીવસૃષ્ટિનો અદભૂત નઝારો માણ્યો હતો.

કલરવ સંસ્થાના પ્રમુખ કમલકિશોર જૈનની પ્રેરણાથી અને સંસ્થાના અન્ય હોદ્દેદારોના સક્રિય પ્રયાસોથી નરારા બીચ અને ખીજડીયા પક્ષી અભ્યારણના બે દિવસના પ્રવાસમાં ૯૦ જેટલા બાળકો અને ૧૫ જેટલા હોદ્દેદારો જોડાયા હતા. પ્રખ્યાત ખીજડીયા પક્ષી અભ્યારણમાં બાળકોએ



ખારા પાણીના યાયાવર પક્ષીઓ, સાયબેરિયન ક્રેન્સ, પેલીકન, માલાર્ક, ડક, લેપપીંગ, ટર્ન, ગલ, ફૂલ્કી જેવા અવનવા અને રંગબેરંગી પક્ષીઓ નિહાળ્યા હતા. એક બાજુ કચ્છના અખાતમાં આવતી ભરતીના ખારા પાણીના જળાશયમાં આ પક્ષીઓ અને બીજી બાજુ વરસાદી પાણીના જળાશયમાં મીઠા પાણીના પક્ષીઓ બુલબુલ, ફૂલસુંઘણી, હુત્થો, નાચણ વગેરે અલૌકિક પક્ષીઓ નિહાળ્યા હતા. ખીજડીયાથી નીકળીને જામનગરના પવન ચક્કી વિસ્તારની કુંવરબાઈ ધર્મશાળામાં સૌના ઉતારાની અને ભોજન વ્યવસ્થા કરાઈ હતી. વહેલી સવારે સલાયાના દરિયાઈ વિસ્તારમાં 'નરારા' બીચ પર ઓટના કારણે પરવાળા, મેન્ગ્રવ, આલ્ગી, સી કુકુમ્બર, સ્ટારફીશ, પફરફીશ, ઓકટોપસ વગેરે જેવી સૃષ્ટિ વન વિભાગના સીલુભાઈએ બતાવી હતી. આ ઉપરાંત દરિયામાં ઉભેલા વિશાળ સ્ટીમર, ટેન્કર તથા ૨૫ ફુટ નીચે જમીનમાંથી પસાર થતી મથુરા ઓઈલ રિફાઈનરીની પાઈપ લાઈન અને તેના વાલ્વ જોયા હતા. ૨૦ ફૂટના રેતીના પટ પર ક્રેબ, શંખ દ્વારા ચળાઈને રચાતો શ્વેત દરિયાઈ પટ જોઈને બાળકો આનંદ-વિભોર થઈ ગયા હતા. બાળકોને ભરતી-ઓટ, પૃથ્વી, ચંદ્ર અને સૂર્યની તથા તિથિ, પ્રહર, ચોઘડિયાની સમજૂતી આપી હતી. પ્રવાસના બે દિવસમાં બાળકોએ કુદરતી અને દરિયાઈ સૃષ્ટિનો અલૌકિક નઝારો માણી અદભૂત આનંદ પ્રાપ્ત કર્યો હતો.

કલરવ સંસ્થા દ્વારા યોજાયેલા સમગ્ર પ્રવાસમાં બાળકોની સાથે સાથે કમલકિશોર જૈન, મધુબેન જૈન, ભાવેશ એરડા, ઉર્મિલ વેદ, આશા સરવૈયા, જયશ્રી ખેતિયા, જગતભાઈ કારાણી, ડૉ. મૌલિક શાહ, અનિલ, મનિષા જૈન, અંકિત સપના જૈન, ગોપી વેદ અને પૂર્વી શાહે જોડાઈને સુંદર કામગીરી સંભાળી હતી.

## ગાંધીનગરમાં ક્રાંતિકારી રાષ્ટ્રસંત તરૂણસાગરજી મહારાજનું ૨૩મીએ પ્રવચન

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતના પાટનગર અને શિક્ષણનગરીના ધરોહર એવા ગાંધીનગરમાં તા.૨૩મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૮.૩૦



કલાકે વિશ્વ વિખ્યાત ક્રાંતિકારી રાષ્ટ્ર સંત મુનિશ્રી તરૂણસાગરજી મહારાજના 'કડવે પ્રવચન' દિગંબર જૈન મંદિર, એમ.એલ.એ. કવાટર્સ પાસે, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે.

પ.પૂ. મુનિશ્રી તરૂણસાગરજી મહારાજ આજે તા.૨૨મી ડિસેમ્બરને શનિવારે સવારે ૮ કલાકે ચ-૦ થી પ્રવેશ કરવાના છે. સાંજે ૬ કલાકે દિગંબર જૈન મંદિરમાં આરતી-દર્શનનો લાભ લેશે. ફકત ૧૩ વર્ષની અલ્પ આયુમાં ગૃહત્યાગ કરી ૨૦ વર્ષની ઉંમરે દિગંબર મુનિ દિક્ષા ધારણ કરનાર તથા ૧૩ વર્ષની ઉંમરે જૈન સન્યાસ ધારણ કરવાવાળા પ્રથમ બાલયોગી, કતલખાના અને માંસ-નિકાસના વિરોધમાં નિરંતર અહિંસાત્મક આંદોલન ચલાવનાર સંત અને ૪૦ કરતા પણ વધુ પુસ્તકોના રચયિતા તથા તણાવ યુકિતનો અભિનવ પ્રયોગ 'આનંદયાત્રા'ના પ્રણેતા ગીનીસ બુકમાં સ્થાન પામનાર ક્રાંતિકારી સંત તરૂણસાગરજી મહારાજના કડવે પ્રવચનનો લાભ લેવા નગરજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## લીંબોદરા ગામની ૨૦ વર્ષિય યુવતી ત્રણ દિવસથી લાપત્તા

ગાંધીનગર, તા. ૨૧

કલોલ તાલુકાના લીંબોદરા ગામમાં રહેતી ૨૦ વર્ષિય યુવતી નિકીતા નરસિંહભાઈ સાધુ ૧૮મી ડિસેમ્બરના રોજ પોતાના ઘરેથી ગામની ઘંટીએ અનાજ દળવા જવાનું કહીને નીકળી હતી. તેણીનો આજ દિન સુધી કોઈ પત્તો મળ્યો નથી. મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી દીધી હતી પરંતુ ક્યાંયથી તેણીના સગડ ન મળતાં કલોલ તાલુકા પોલીસમથકે જાણ કરી જાણવા જોગ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શરીરે પાતળા બાંધાની પાંચ ફૂટ ઊંચાઈ ધરાવતી નિકીતા રંગે ઘઉંવર્ણી છે. પોલીસે તેણીની શોધખોળ શરૂ કરી છે.

## આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં ઝીલ પંડ્યા દ્વિતિય સ્થાને

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી પી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝની વિદ્યાર્થીનીએ આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરીને કૉલેજનું નામ રોશન કર્યું છે.

આ કરાટે ચેમ્પિયનશીપ તાજેતરમાં પુણે, મહારાષ્ટ્ર ખાતે યોજાઈ હતી, જેમાં આઠ દેશોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બી પી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝમાં બીસીએના દ્વિતિય વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઝીલ પંડ્યાએ આ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા કૉલેજ પરિવારે ઝીલને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટી તરફથી ઝીલને રૂા. પાંચ હજારનું ઈનામ પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

## સેન્ટ ઝેવિયર્સમાં ક્રિસમસની ઉજવણી



સેન્ટ ઝેવિયર્સ ગાંધીનગર ખાતે નર્સરી, કે.જી.માં ક્રિસમસની ઉજવણી કરવામાં આવી. બાળકોએ પ્રભુ ઈસુના જન્મની કથા રજૂ કરતાં નાટક, 'પહેલી નાતાલ'માં ભાગ લીધો હતો. બાળકોએ વિવિધ કાર્યક્રમોમાં પણ ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી. 'ક્રિસમસ સેલિબ્રેશન'માં આચાર્ય ફાધર હેકટર પીન્ટો એસ. જે. અને શાળા પરિવાર હાજર રહ્યો હતો.

## ગાંધીનગરની ક્રિકેટ ટીમે બનાસકાંઠાની ટીમને હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજીત રિલાયન્સ અન્ડર-૧૪ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત તાજેતમાં ગાંધીનગર જિલ્લાની ટીમ સામે બનાસકાંઠા જિલ્લાની ટીમની મેચ યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની ટીમે વિજય હાંસલ કરી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

ગાંધીનગર અને બનાસકાંઠા ટીમની મેચમાં ગાંધીનગરે ટોસ જીતી સૌ પ્રથમ ફિલ્ડીંગ પસંદ કરી હતી. બનાસકાંઠાની ટીમે ૭૯.૪ ઓવરમાં ૨૧૪ રન કર્યા હતા. જેમાં અર્જૂને ૨૧ રન, મિલને ૨૬ રન અને ઝૈદખાને ૫૭ રન ફટકાર્યા હતા. ગાંધીનગર તરફથી શ્રેય પટેલે ૪૬ રનમાં ૩ વિકેટ અને કિશન પટેલે, પાવન ઈનામદાર તથા અનિરૂદ્ધ જાડેજાએ પ્રત્યેક બે વિકેટ ઝડપી હતી. ગાંધીનગરની ટીમે ૩૩૬ રન કર્યા હતા. જેમાં ૨૧ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે યશ બારોટે ૧૩૦ રન, પનુષ ગૂંસાઈએ ૩૬ રન, રાહુલ પટેલે ૪૯ રન અને શિવમ બૂચે ૫૦ રન ફટકાર્યા હતા. ગાંધીનગરની ટીમનાં કેપ્ટન યશ બારોટની આ ટુર્નામેન્ટની બીજી સદી ફટકારી અને કેપ્ટન ઈનિંગ્સ રમીને ગાંધીનગરની ટીમને જીતાડવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

સેમી ફાઈનલ ગાંધીનગર અને ભરૂચ વચ્ચે આજે તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બરના રોજ નડિયાદ ખાતે યોજાશે. કોચ તરીકે રાહુલ પટેલ અને મેનેજર તરીકે રાહુલ પરમારે યોગદાન આપ્યું હતું.

# શાળાએથી છુટેલી સગીર વયની વિદ્યાર્થિનીનું બસસ્ટેન્ડથી અપહરણ

### પડોશી ગામનો જ શખ્સ લગ્ન કરવાની લાલચ આપી બાઈક પર ભગાડી ગયો હોવાની પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક આવેલા છાલા ગામની શાળામાં અભ્યાસ કરતી ૧૬ વર્ષિય સગીરા શાળાએથી છુટીને બસસ્ટેન્ડે પહોંચી ત્યારે સગીરાની બાજુના ગામમાં જ રહેતા એક શખ્સે તેણીને લગ્ન કરવાની લાલચ આપીને બાઈક પર ઉપાડી જઈ અપહરણ કરી ગયો હોવાની પોલીસ ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસો સગીર વયની વિદ્યાર્થિનીના અપહરણને મામલે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર નજીકનાં એક ગામમાં રહેતી ૧૬ વર્ષિય વિદ્યાર્થિનીની છાલા ગામની શાળામાં અભ્યાસ કરે છે. ૧૩ ડિસેમ્બરના રોજ શાળાએથી છુટ્યા બાદ વિદ્યાર્થિની ગાયબ થઈ ગઈ હતી. ઘરે પરત ન ફરતાં તેણીના પરીવારજનોએ લાપત્તા બનેલી દીકરીની શોધખોળ શરૂ કરી દીધી હતી પરંતુ તેણીનો ક્યાંયથી પત્તો લાગ્યો ન હતો. જે સંદર્ભે ગુમ થયા અંગે કિશોરીના ભાઈએ ચિલોડા પોલીસમથકે જાણવાજોગ પણ નોંધાવી હતી. દરમ્યાન તેણીના ભાઈને માહિતી મળી હતી કે પડોશી ગામમાં રહેતો યુવાન શખ્સ પસા મોહન ઠાકોર તેની બહેનને લગ્ન કરવાની લાલચ આપીને ફોસલાવી છાલા ગામના બસ સ્ટેન્ડ પાસેથી બાઈક નં. જીજે-૨-ડીપી-૫૪૭૦ પર બેસાડીને ભગાડી ગયો છે. જેને આધારે શાળાએથી છુટેલી બહેનનું બસસ્ટેન્ડથી અપહરણ કરી જનાર શખ્સ પસા ઠાકોર વિરૂદ્ધ અપહ્યુત વિદ્યાર્થિનીના ભાઈની ફરીયાદ લઈ ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી પી.આઈ. બી.સી. ઠક્કરે સઘન તપાસ શરૂ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૪૫,૩.૩૦, ૬.૧૫, ૯.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
ખેલાડી ૭૮૬ : ૨.૦૦

: સ્ક્રીન-૩ :
દબંગ -૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
દબંગ -૨ : ૮.૦૦,૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા નાટક '૧૦૨ નોટ આઉટ' રાત્રે ૯.૩૦ કલાકે.

### શૈક્ષણિક

- ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળાનો વાર્ષિક રમોત્સવનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે.
- ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલી શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત બાલમંદિર, પ્રાથમિકશાળા, માધ્યમિક- ઉચ્ચમાધ્યમિક શાળાનો ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરતાં સંસ્થાનો શતાબ્દી મહોત્સવ સવારે ૧૧.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ભવિષ્યની ચિંતા રહેશે. કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો. યાત્રા થઈ શકે છે.

**વૃષભ** : સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

**કન્યા** : ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો.

**વૃશ્ચિક** : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**કુંભ** : વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

## ચિરવિદાય

- સ્વ. અરવિંદજી ભવાનજી ઠાકોર (ઉ.વ.૨૮) જૈન દેરાસર.રતન ટેકરી, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રવીણસિંહ લક્ષ્મણજી ચાવડા (ઉ.વ.૬૫) મુ.પો. વરસોડા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. તખુભા જીવણજી વાઘેલા (ઉ.વ.૭૦) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મણજી નાથાજી ઠાકોર (ઉ.વ.૪૨) મુ.પો. પિંડાયરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કરમણભાઈ સક્કરભાઈ રબારી(ઉ.વ. ૨૫) મુ.પો. પિંપરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નદીમભાઈ કાન્તીલાલ શ્રીમાળી(ઉ.વ.૪૩) પ્લોટ નં. ૪૭૧/૨, સેક્ટર-૭/બી, ગાંધીનગર.
- સ્વ. બબાજી જેમાજી ઠાકોર(ઉ.વ. ૮૫) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.